**ફોજદારી કેસ નં: ૬૨૬૫/૨૦૨૩**

**<u>અમદાવાદ (ગ્રામ્ય ), આઠ માં જ્યુડીશીયલ મેજી. ફર્સ્ટ કલાસની કોર્ટમાં, મિરઝાપુર, અમદાવાદ.</u>**

**ફરીયાદી: શ્રી સરકાર**

**વિરુદ્ઘ**

**આરોપી: જેસરભાઈ ગોરધનભાઈ ઓડ**

**<u>ગુન્હો: ભારતીય દંડ સંહિતા ની કલમ ૨૭૯ ,૪૨૭ તથા એમ.વી.એકટ કલમ ૧૭૭, ૧૮૪, મુજબ.</u>**

**::<u>ચુકાદો</u>::**

**(1)** આ કામે આરોપી/આરોપીઓએ ઉપર ભારતીય દંડ સંહિતા ની કલમ ૨૭૯ **,**૪૨૭ તથા એમ.વી.એકટ કલમ ૧૭૭,૧૮૪, મુજબના શિક્ષાપાત્ર ગુન્હાનો આરોપ છે.

**(2)** આરોપીને સમન્સ બજતા તેઓ અદાલત સમક્ષ હાજર થતા ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ ૨૦૭ અન્વયે પોલીસ તપાસની નકલો વિના મુલ્યેપૂરી પાડેલ છે. આજરોજ સ્પેશીયલ સીટીંગમાં આરોપી હાજર હોય, આરોપીની પ્લી રેકર્ડ કરવામાં આવેલ છે જેમાં તેઓએ પોતાના ગુન્હાની કબુલાત સ્વેચ્છાએ કરેલ છે અને ગુન્હો કબુલ છે તેમ જણાવેલ છે. વધુમાં, આરોપીએ પોતાના ગુન્હાની કબુલાત પુરસીસ રજુ કરેલ છે, જેથી આરોપીને તકસીરવાન ઠરાવવામાં આવે છે.

**(3)** આરોપીની ગુનાની કબુલાતને ન માનવાનું કોઈ કારણ નથી અને તેણે દયાની માંગણી કરેલ છે. આરોપીનો આ પ્રથમ ગુનો છે અને આવો ગુનો ફરી નહી કરવાની ખાતરી આપે છે તથા પોતાની ભૂલ સુધારવા માંગતા હોવાનું જણાવે છે. ફરિયાદ પક્ષ તરફથી એવું કોઈ રેકર્ડ રજુ થયેલ નથી કે આરોપીએ અગાઉ કોઈ ગુનો કરેલ હોય, જેથી આરોપીનો પ્રથમ ગુનો હોવાનું જણાય છે.

**(4)** આવા સંજોગોમાં આરોપીની સામેનું તહોમત અને સજાની જોગવાઈ તેમજ આરોપીની કબુલાત પુરસીસ અને તેઓની મૌખિક રજૂઆત ધ્યાને લેતા, આરોપીની વિરુદ્ઘ આ પ્રથમ પ્રકારનો ગુન્હો હોય, આજરોજ નેશનલ લોક અદાલત હોય તે ધ્યાને લેતા સદર કેસમાં આરોપીને ઓછામાં ઓછો દંડ કરવો ન્યયોચિત જણાતું હોય આરોપીને ભારતીય દંડ

સંહિતા ની કલમ ૨૭૯ અન્વયે તકસીરવાન ઠેરવી ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**-:: હુકમ ::-**

**1.** આ કામના આરોપીને ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ-૨૫૨ મુજબ ભારતીય દંડ સંહિતા ની કલમ ૨૭૯ ,૪૨૭ તથા એમ.વી.એકટ કલમ ૧૭૭, ૧૮૪ હેઠળના શિક્ષાપાત્ર ગુનાના તહોમતમાં તકસીરવાન ઠરાવી આરોપીને **રૂ.૧૦૦૦ /-(અંકે રૂપિયા હજાર પુરા)** દંડ કરવાનો હુકમ કરવામાં આવે છે.

**2.** વધુમાં જો આરોપી દંડની રકમ ન ભરે તો **દિન ૩ (ત્રણ)** ની સાદી કેદની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે.

ઉપરોક્ત હુકમ આજ રોજ તારીખ ૧૩ મી , માહે: મે, સને: ૨૦૨૩ ના રોજ ખુલ્લી અદાલતમાં મારી સહી કરી વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા. ૧૩/૫/૨૦૨૩
મિરઝાપુર,અમદાવાદ.

**(કુ. કે. એસ. રાણા)**
આઠમાં એડીશનલ સિવિલ જજ
અને જ્યુડી.મેજી.ફ.ક.
અમદાવાદ (ગ્રામ્ય).